સી.એમ. ડેશ બોર્ડમાં સમીક્ષા સઘન બનાવવા જિલ્લાના ૬૩ મુદ્દા ઉમેરાયા

ગાંધીનગર, તા. ૧૭

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા જિલ્લાઓમાં થતી વિવિધ વિકાસલક્ષી કામગીરીના મોનીટરીંગ માટે બનાવેલ ડેશ બોર્ડમાં જિલ્લાના વધુ ૬૩ જેટલા મુદ્દાઓ ઉમેરવામાં આવ્યા છે.

દરેક જિલ્લાઓમાં ઉમેરો પામેલ મુદ્દાઓની સંખ્યા ૫૦ થી ૧૦૦ની વચ્ચે છે. ગાંધીનગર જિલ્લાના વધુ ૬૩ મુદ્દા ઉમેરવામાં આવ્યા છે.

જિલ્લાના નવા ઉમેરાયેલા મુદ્દાઓની જાણકારી પણ દરેક શાખાઓને કરી દેવામાં આવી છે. જે શાખાઓના મુદ્દા ઉમેરવામાં આવ્યા છે તેમાં ડી.આર.ડી.એ., આરોગ્ય, ખેતીવાડી, પશુપાલન, મહેકમ તેમજ ઈ-ગ્રામની કેટલીક સેવાઓનો સમાવેશ થાય છે.

દર માસે નિયમિત આ બધી જ બાબતોનુ મોનીટરીંગ કરી અને જિલ્લાઓને રેન્કીંગ પણ આપવામાં આવે છે.

આ ઉપરાંત જયાં પણ નબળી કામગીરી જણાય તે જિલ્લાના અધિકારીઓને આ માટે મુખ્યમંત્રી કક્ષાએથી ફોન કરી જાણ કરવામાં આવે છે આમ છતાં પણ સુધારો ન થાય તો તેમને ગાંધીનગર તેડાવી અને કયા પ્રકારના પ્રશ્નો છે તેના ઉકેલ માટેની સમીક્ષા પણ કરી જરૂરી નિર્ણયો કરવામાં આવે છે.

છેલ્લા એક વર્ષ કરતાં પણ વધુ સમયથી આ રીતે સતત મોનીટરીંગ થયુ છે. ૧૦૮ની સેવા હોય કે બસ સેવાઓનું પણ નિયમિતતાને લઈ મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. જિલ્લાકક્ષાએ ફાઈલોના થતા નિકાલ, મહેસુલી કામગીરીના મુદ્દાઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

વહીવટીતંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા હવે દરેક વિભાગોમાં પણ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવી રહ્યા છે તે પણ નોંધનીય છે.

પોલીસ, આર.ટી.ઓ. અને માર્ગ-મકાન વિભાગની ટીમ બનાવી અકસ્માત નિવારણના ઉપાયો સૂચવે

જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં નિર્ણય, ઘ-ગ માર્ગ અંડરપાસના કામને લઈ માર્ગ પરિવહન માટે બંધ કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં અકસ્માત ઝોન તરીકે ઓળખી કઢાયેલ વિસ્તારોમાં પોલીસ, આર.ટી.ઓ. અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ આ વિસ્તારમાં જઈ અકસ્માતના કારણો તેમજ તેના અટકાયતી પગલાં શું હોઈ શકે તે અંગેનો સર્વગ્રાહી તારણ સાથેનો અહેવાલ રજુ કરે તેવી સ્પષ્ટ સૂચના જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આપી છે.

ગઈકાલે ત્રીજો શનિવાર હોવાથી જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગેની યોજાયેલી સમીક્ષા બેઠકમાં તેમણે આ આદેશ આપ્યો હતો.

ટીમમાં ઈન્સ્પેક્ટર સંવર્ગથી નીચેના અધિકારીને જવાબદારી નહિ સોંપવા પણ તેમણે આગ્રહ કર્યો હતો.

આ બેઠકમાં ગાંધીનગરના રોડ એન્જીનીયરીંગમાં બદલાવની પહેલના ભાગરૂપે ઘ-૪ અને ગ-૪ નજીક બનનારા અંડરપાસને લઈ વૈકલ્પિક વ્યવસ્થા તેમજ આ અંડર પાસનું કામ પૂર્ણ થાય ત્યાં સુધી આ બન્ને માર્ગ પરિવહન માટે બંધ કરવાની વાતને લઈ પણ ચર્ચાઓ થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

'જયકારા'માં જીંદગીનો જંગ જીતવા અને પળેપળ માણવાની જડીબુટ્ટી

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત જાણીતા વિચારક અને વક્તા જય વસાવડાની 'જયકારા'માં અભિનવ પ્રસ્તુતિથી શ્રોતાઓ મંત્રમુગ્ધ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સંગીત નાટક અકાદમીના સહયોગમાં ગુજરાતી ભાષાના લેખક-વક્તા અને કોલમિસ્ટ જય વસાવડાના 'જયકારા' કાર્યક્રમનું ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

દ્રશ્ય, શ્રાવ્ય, નાટ્ય મઢેલી આ મનોરંજક અને મોટિવેશનલ પ્રસ્તુતિ 'જયકારા'માં જય વસાવડાએ જિંદગીનો જંગ જીતવાની અને જીવનને પળેપળ માણવાની જડીબુટ્ટી આપી હતી.

આ માટે જય વસાવડાએ ફોર-ઢ ફોર્મ્યુલા આપી હતી. ડ્રીમ, ડેર, ડેડીકેશન, અને ડુ.., 'મહત્ત્વ સપનાનું નથી, મહત્ત્વ છે તેને સાકાર કરવાની ક્ષમતા કેળવવાનું છે. સંભાવનાઓ ઓછી હોય અને સ્પર્ધા વધુ હોય ત્યારે સલામતીની ચિંતા કર્યા વિના હિંમતભર્યા પગલાં લેવાની જરૂર છે.'

'ખંતપૂર્વક, પૂર્ણ સમર્પિત ભાવથી તમારું કામ કર્યા કરો. સફળતા ચરણ ચુમતી આવશે.. અને આત્મવિશ્વાસપૂર્વક તમારું કામ કરો'. આ રીતે તેમણે ફોર-ઢ ફોર્મ્યુલાની સમજણ આપી હતી.

આ પ્રક્રિયામાં ત્રણ-ઢ સ્પીડબ્રેકર છે એમ કહીને તેમણે ડિપ્રેશન, ડેસ્ટીની અને વિલંબ એટલે કે ઢીઢ્ઢઢ્ઢઅ ને તાબે નહીં થવાની ટકોર કરી હતી.

જીવનને હંમેશા વહેતુ રાખવાની વાત કરતાં શ્રી જય વસાવડાએ જણાવ્યું હતું કે, બંધિયાળ જીવન મૃત્યુને નજીક લાવે છે. જીવન જોમ અને જુસ્સાથી જીવી લેવું જોઈએ.

''જયકારા''ના ઝળહળતાં ચમકારાં..!!

- સાહસનું સંગીત અને આત્મ વિશ્વાસનો અવાજ એટલે ''જયકારા''
- ''ગાંધીનગર'' આગળ ગાંધીજીનો ''જી'' લાગે છે એટલે આ ''જી-નગર'' છે.
- આપણું પોતાનું મૂલ્ય સમજવું તેનું નામ ''જયકારા''
- સક્સેસફુલ ઈઝ ઓલવેઝ બ્યુટિફુલ
- ક્યું ભરોસા કરતે હો ગૈરો પર, જબ ચલના હૈ ખુદ કે પૈરો પર..
- ગુજરાતીઓ એક પ્રદેશ પૂરતા મર્યાદિત ના રહ્યાં પરંતુ વિશ્વમાં છવાઈ ગયા એટલે સફળ રહ્યાં.
- ''જયકારા''ની ગેરંટી કોઈને વારસામાં મળતી નથી.
- ''જયકારા'' માટે તમારામાં સૂતેલા સિંહને જગાડવો પડે.
- ''જયકારા'' માટે થીયરી અને પ્રેક્ટિકલનું મજબૂત કોમ્બિનેશન જોઈએ.
- દાંડીકૂચ કરીને ગાંધીજી સુપરસ્ટાર થયાં ત્યારે તેમની ઉમંર ૬૧ વર્ષની હતી.
- જ્ઞાનના ઉપયોગમાં જ ''શક્તિ'' છે.
- કેપેસિટી ઈઝ ઈમ્પોર્ટેન્ટ ધેન ડ્રીમ
- પીચ પર ટકી રહો સદી આપો આપ વાગશે, પછી દુનિયા તમારા શૂન્યને ભૂલી તમારી સદીઓને યાદ રાખશે.
- તમને કંઈક સારૂ મળવાનું જ છે તેવો વિશ્વાસ કેળવો.
- ''શેરડીમાં જેટલા સાંઠા એટલા ગાંઠા''ની જેમ જીવનમાં પણ ગાંઠા આવશે જ.
- તમારૂ કર્મ મજબૂત હોય તો તમે ભાગ્યને પણ ઝુકાવી શકશો.
- ધેર ઈઝ નો પાથ ટુ હેપ્પીનેસ, હેપ્પીનેસ ઈઝ ધ ઓન્લી લાઈફ પાથ

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહા અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જ્યોતિષભાઈ ભટ્ટે જય વસાવડાનું બહુમાન કર્યું હતું.

નવા સેકટરોમાં ગટર લાઈનની કામગીરીના લીધે પાણી પુરવઠો પ્રભાવિત

સપ્લાયનો સમય ઘટાડી દેવાતા રહીશોમાં પાણીની પોકાર : આજથી રાબેતા મુજબ પાણી આવશે

ગાંધીનગર તા ૧૭

શહેરના નવા સેકટરોમાં આજે પુરતા ફોર્સથી પાણી ન આવ્યુ હોવાનો કકળાટ પ્રવર્તયો હતો. આજે સવારે પાણીનો સપ્લાય અડધો કલાક ઓછો અપાતા સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી હતી. ખ માર્ગ પર ગટર લાઈનનુ કામ ચાલતુ હોવાના લીધે પાણીના સપ્લાયનો સમય ઘટાડવાની ફરજ પડી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે સોમવારથી રાબેતા મુજબ સમયે પુરતા ફોર્સથી પાણી અપાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરના નવા સેકટરોમાં આજે પાણીના સપ્લાયનો સમય ઘટાડવાની ફરજ પડતા રહીશોમાં પાણીની બુમ ઉઠવા પામી હતી. ખ માર્ગ પર ગટર લાઈનનુ કામ ચાલતુ હોવાથી ટેકનિકલ કારણોસર રોજ નિયત સમયે અપાતો પુરવઠો અડધો કલાક વહેલો બંધ કરી દેવાયો હતો. જેના લીધે નવા સેકટરોમાં કેટલાક ઘરોમાં પાણીની ટાંકી પણ પુરતી ભરાઈ ન હતી. બપોર થતા ગૃહીણીઓમાં પાણીનો કકળાટ ઉઠવા પામ્યો હતો. જયારે સવારથી પુરતુ પાણી ન આવ્યુ હોવાનો રોષ પણ નાગરિકોમાં ઉઠવા પામ્યો હતો. જો કે તંત્રના જણાંવ્યા મુજબ પાણીના સપ્લાયને અનુલક્ષી ટેકનિકલ કોઈ ખામી સર્જાઈ ન હતી. પરંતુ ખ માર્ગ પર ગટર લાઈનની કામીગીરીને અનુલક્ષીને થોડો સમય સપ્લાય વહેલો બંધ કરી દેવાતા નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી મળ્યુ ન હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી જયારે સોમવારથી રાબેતા મુજબ નિયત સમયે પુરતો પાણી પુરવઠો સપ્લાય કરાશે તેમ પણ તંત્રએ જણાંવ્યુ છે.

આરટીઆઈની અરજીઓનો સમય મર્યાદામાં નિકાલ કરવા ડીડીઓની તાકિદ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓમાં માહિતી અધિકાર અન્વયે મળેલ અરજીઓનો સમય-મર્યાદામાં નિકાલ કરવા તેમજ નિકાલ નહિ કરનાર અધિકારીના ખાનગી અહેવાલમાં તેની નોંધ કરાશે તેવી ચીમકી જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે ગઈકાલે શાખાધિકારીઓની મળેલ બેઠકમાં આપી છે.

રાવલે આ બેઠકને સંબોધતાં રેકર્ડ વર્ગીકરણની કામગીરીને પણ સમય-મર્યાદામાં પૂર્ણ કરવા માટે જણાવ્યુ હતુ. તેમણે પંચાયતની વિવિધ શાખાઓમાં પડતર તુમારોના નિકાલ માટેની પણ સૂચના આપી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ આ બેઠકમાં સ્વચ્છતા મિશનને લઈ પણ કેટલીક મહત્વની સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત ગ્રામસભા અભિયાનમાં જે શાખાના પ્રશ્નો રજુ થયા હોય તેનો હકારાત્મક ઉકેલ આવે તે દિશામાં સક્રિયતા વધારવા માટે પણ જણાવ્યુ હતુ.

સી.એમ. ડેસ બોર્ડમાં કરવાની થતી એન્ટ્રીઓને લઈ હજુ પણ કેટલીક શાખાઓ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

સ્નેહમિલન - વિક્રમ સંવતના નવા વર્ષના પ્રારંભે ગાંધીનગર શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા કાર્યકરો અને શુભેચ્છકોનો સ્નેહમિલન સમારોહ સેક્ટર-૧૬ રંગમંચ ખાતે યોજાયો હતો... મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહી કાર્યકરોને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા...

શહેરના સરકારી આવાસમાં બિન અધિકૃત કબજેદારોની યાદી તૈયાર

ટુંકમાં બિન અધિકૃત કબજેદારોને દુર કરવા કડક કાર્યવાહી હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં એકબાજુ નવા મકનો બનાવાની સાથે જુના અને જર્જરિત આવાસો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજો હોવાના પણ કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. શહેરમાં અંદાજિત ૪૦૦ જેટલા મકાનોમાં બિન અધિકૃત કબજેદારો હોવાનુ મનાઈ રહ્યુ છે. ત્યારે હાલ તંત્ર દ્વારા આ કબજેદારોને દુર કરવા માટે સઘળી વિગત તૈયાર કરવામાં આવી રહી છે.

શહેરના સરકારી આવાસોની સંખ્યા આમ પણ ઓછી છે. નિકાલ હેઠળના મકાનો તોડવાની ઝુંબેશ સતત ચાલી રહી છે. ત્યારે સેકટરોમાં રહેણાંકને લાયક આવાસો બહુ ઓછા છે. આ ઉપરાંત ૧૫૦૦ જેટલા મકાનો રીનોવેશન હેઠળના છે. આ ઉપરાંત ૨૭૦૦ જેટલા આવાસો જોખમી હોવાથી તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં આ જુદી જુદી કક્ષાના સરકારી મકાનો તોડવા માટે કામ હાથ ધરાશે. બીજીતરફ શહેરમાં જોખમી મકાનો તોડવા ઉપરાંત સેકટરોમાં આવાસ ખાલી કરાવવા માટે પણ તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. બિન અધિકૃત કબજો હોય તેવા કીસ્સામાં આવાસ ખાલી કરાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં આ માટે સર્વે પણ હાથ ધરાયો છે. જેના અંતે અંદાજિત ૪૦૦ જેટલા આવાસોમાં બિન અધિકૃત કબજો હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. આ માટે હાલ સેકટરમાં કેટેગરી

● અનુસંધાન પાન-૭ પર

કારકુન સંવર્ગમાં ગણિત-વિજ્ઞાનના પ્રશ્નોમાં પરીક્ષાર્થીઓ ગુંચવાયા

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન : પેપર લાંબુ-સરળ છતાં છુટી ગયાની વાતો કરતાં પરીક્ષાર્થીઓ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કારકુન સંવર્ગની પરીક્ષા આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. જિલ્લામાં સરેરાશ ૭૦ ટકા જેટલા પરીક્ષાર્થીઓએ આ સ્પર્ધાત્મક પરીક્ષા આપી છે.

૨૦૦ પ્રશ્નો સાથેનું બે કલાકનું પ્રશ્નપત્ર સરળ છતાં લાંબુ પરીક્ષાર્થીઓને લાગ્યુ હતુ. જો કે ગણિત-વિજ્ઞાન ઉપરાંત ઈતિહાસને લગતા પ્રશ્નો ઘણા અટપટા હતા તેવી પરીક્ષાર્થીઓએ પરીક્ષા પછી પ્રતિસાદ આપતાં આ વાત કહી હતી.

ઠાકોરના જગપ્રસિદ્ધ રણછોડરાય મંદિર બંધાવનાર પરિવારનુ નામ સાથે પ્રશ્નાવલિનો આરંભ થયો હતો. ગણિત-વિજ્ઞાનના પ્રશ્નો ઘણા અટપટા હતા. ખાસ કોચીંગ ક્લાસમાં જઈ તૈયારી કરનારા તેમજ સમગ્ર નિયત અભ્યાસક્રમનું એકાદ રિવીઝન કરનારા પરીક્ષાર્થીઓ પણ કેટલાક પ્રશ્નોને લઈ હેરાન દેખાતા હતા. જોકે કેટલાક પરીક્ષાર્થીઓએ પ્રશ્નો છુટી ગયાનું પણ રટણ કર્યુ હતુ.

લાંબુ અને સરળ પ્રશ્નપત્ર હોવાને કારણે મેરીટ ઊંચુ જશે તેવી સંભાવનાઓ છે. જોકે મોટાભાગના પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને બેલેન્સ ગણાવ્યુ છે.

આજે પ્રશ્નપત્રમાં બંધારણ કયા દિવસે મંજૂર કરાયુ ? ઓગષ્ટ-૧૯માં દેશની કઈ પ્રથમ યુનિ. માટે સરકારે જમીન ફાળવણી કરી ?, ભારતના સુપર કોમ્પ્યુટર પિતા તરીકે કોણ ઓળખાય છે ?, સર્વોચ્ચ ન્યાયાલયની શરૂઆત ક્યારે થઈ ?, GG-11 એ શંકર જાત કયા તેલિબિયાંની છે ?, સોમનાથ મંદિરના વિનાશ માટે મોગલ સાથેના યુદ્ધમાં કયા રાજવી અગ્રણી વીરગતિ પામ્યા હતા ?, ગુજરાતમાં આર.ટી.આઈ. એક્ટ ક્યારથી અમલી બન્યો ? જેવા પ્રશ્નો પુછાયા હતા.

ગણિત-વિજ્ઞાનના પ્રશ્નો પેચીદા હતા. આ પેચીદા પ્રશ્નોને કારણે પરીક્ષાર્થીઓને સમયનો અભાવ રહ્યો હોવાની વાતો પણ ચર્ચાતી સાંભળવા મળી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com